પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨૨ | ૨ ફેબ્રુઆરી, ૨૦૧૮, શુક્રવાર ; મહા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મધ્યમવર્ગ માટે નિરાશાજનક બજેટ

**પગારદાર વર્ગને કોઇ જ રાહત નહી ઇન્કમટેક્સના સ્લેબ યથાવત રહ્યા**

**શિક્ષણ-આરોગ્ય સેસ ત્રણના બદલે ૪ ટકા : કુલ ૪૨ મેગા ફુડ બનાવાશે**

નવીદિલ્હી,તા. ૧

નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માટેનુ સામાન્ય બજેટ રજૂ કર્યું હતુ. મોદી સરકારની વર્તમાન અવધિ માટેનુ અંતિમ સંપૂર્ણ બજેટ રજૂ કરતી વેળા જેટલીએ એકબાજુ ખેડુતો, ગરીબો અને મહિલાઓ માટે અનેક મોટી જાહેરાતો કરી હતી. પરંતુ પગારદાર વર્ગ, નોકરિયાત વર્ગ અને મધ્યમ વર્ગને મોટો ફટકો આપ્યો હતો. કારણ કે તેમના માટે

● અનુસંધાન પાન-૭ પર

**ગરીબો, ખેડૂતો માટે મોટી રાહતો, મધ્યમ વર્ગને મોટો ફટકો : સ્ટાન્ડર્ડ ડિડેક્શનની ફરી શરૂઆત : મ્યુચ્યુઅલ ફંડની કમાણી પર ૧૦ ટકા ટેક્સ : ફોન, ટીવી મોંઘા**



### કસ્ટમ ડ્યુટી વધતા ટીવી, મોબાઇલ મોંઘા

મોબાઈલ ફોન ઉપર કસ્ટમ ડ્યુટી ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા અને મોબાઈલ તથા ટીવી સ્પેરપાટ્ર્સ ઉપર ૧૫ ટકા ડ્યુટી કરવામાં આવી છે. કસ્ટમ ડ્યુટી વધી જતાં મોબાઈલ અને ટીવી મોંઘા થશે. કસ્ટમ ડયુટી પર સેસ ત્રણ ટકાથી વધારીને ચાર ટકા કરવાનો નિર્ણય કરાયો છે. આની સીધી અસર સ્માર્ટફોન અને ટીવી ઉપર થશે.

### આરોગ્ય, શિક્ષણ પર સેસ ટેક્સ વધ્યો

બજેટમાં આરોગ્ય શિક્ષણ ઉપર સેસ ટેક્સમાં એક ટકાનો વધારો કરવામાં આવ્યો છે. મિડલ ક્લાસ અને નોકરીયાત વર્ગને આનાથી ફટકો પડ્યો છે. આરોગ્ય અને શિક્ષણ સેસમાં એક ટકાનો વધારો કરીને ત્રણના બદલે ચાર ટકા કરાયો છે. આ વધારાથી આરોગ્ય અને શિક્ષણ સાથે જોડાયેલા તમામ ક્ષેત્રો ઉપર અસર થશે. આ અગાઉ મોદી સરકાર સ્વચ્છ ભારત માટે પણ સેસ ટેક્સ લાગૂ કરી ચુકી છે.

## વિકાસલક્ષી બજેટ લોકોની આશાઓ પૂર્ણ કરશે : મોદી



ન્યુ દિલ્હી, તા..૧

નાણા મંત્રી અરૂણ જેટલીએ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે બજેટ રજૂ કરી દીધું છે. ત્યારે વડાપ્રધાન મોદીએ આ બજેટને ૨૧મી સદી માટે ભારતના ઈન્ફ્રાસ્ટ્રકચરને શ્રેષ્ઠ બનાવવા અંગેનું છે તેમ જણાવી, જેટલી અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યાં છે. વડાપ્રધાને ઉજ્જવલા સ્કીમનો લાભ મોટા પ્રમાણમાં દેશના ગરીબો, પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને આદિવાસી સમાજના લોકોને મળશે તેમ જણાવ્યું છે. સાથે જ ન્યૂ ઈન્ડિયાને મજબૂત ગણાવનારૂ બજેટ ગણાવ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રકચર પર ધ્યાન અપાયું છે.

## પેટ્રોલ-ડિઝલ સસ્તા નહીં થાય

**એક્સાઇઝ ઘટાડી ૮% રોડ સેસ લગાવી દીધો...!**

ન્યુ દિલ્હી,તા.૦૧

કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટી ૨ રૂપિયા ઘટાડી છે. પરંતુ ૮ ટકા રોડ સેસ લગાવી દીધો છે. ફાઈનાન્સ સેક્રેટરી હસમુખ અઢીયાએ કહ્યું કે, એક્સાઈઝ ડ્યૂટી ઘટાડીને તેને સેસમાં કન્વર્ટ કરી દીધી છે. પરંતુ, તેનો ફાયદો સીધી રીતે કસ્ટમર્સને નહીં મળી. અઢીયાના નિવેદનનો અર્થ એવો થયો કે સામાન્ય જનતાને એક્સાઈઝ ડ્યૂટી ઘટવાનો ફાયદો નહીં મળે, એટલે કે પેટ્રોલ-ડિઝલ સસ્તાં નહી થાય. ૨ રૂપિયાની બેસિક એક્સાઈઝ ડ્યૂટીમાં ઘટાડો કર્યો, ૬ રૂપિયાની એડિશનલ એક્સાઈઝ ડ્યૂટી ખતમ કરી. તેના બદેલ ૮ રૂપિયા પ્રતિ લીટર રોડ સેસ લગાવી દીધો. ૮નો ફાયદો થઈ શકતો હતો, પરંતુ આ ફાયદો રોડ સેસમાં જતો રહેશે. અઢીયાએ કહ્યું કે, આ સેસથી જે પૈસા સરકારની પાસે આવશે તેનો ઉપયોગ નવા હાઈ વે અને રોડ બનાવવા તથા તેના મેન્ટેનન્સમાં કરવામાં આવશે.

જેટલીએ બજેટમાં એક્સાઈઝ ડ્યૂટી ૨ રૂપિયા પ્રતિ લીટર ઘટાડવાની જાહેરાત કરી છે. થોડાં દિવસો પહેલા ઓઈલ મિનિસ્ટ્રીએ ફાઈનાન્સ મિનિસ્ટ્રીને લેટર લખીને કહ્યું હતું કે, એક્સાઈઝ ડ્યૂટી હવે ઘટાડવી જોઈએ. સરકારે બ્રાન્ડેડ અને અનબ્રાન્ડેડ બંને પ્રકારના પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટીમાં ઘટાડો કર્યો છે. જેનો અર્થ એ થયો કે, હવે તમામ પ્રકારના પેટ્રોલ અને ડીઝલ ૨ રૂપિયા પ્રતિ લીટર સસ્તા થશે.

## બજારમાં અફડા-તફડી સેન્સેક્સ મથાળેથી ૭૫૬ પોઈન્ટ તૂટ્યો




મુંબઈ, તા..૧

નાણાંપ્રધાન અરુણ જેટલીએ રજૂ કરેલ બજેટથી પ્રાથમિક દ્રષ્ટકએ નિરાશા સાંપડી છે, શેરબજાર નારાજ થયું છે, લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ પર ૧૦ ટકા ટેક્સ, મ્યુચ્યુઅલ ફંડસ પર ૧૦ ટકા ટેક્સ લાદ્યો છે, તેમ જ કોર્પોરેટ ટેક્સમાં કોઈ ઘટાડો કરાયો નથી. જેથી શેરબજારમાં ઊંચા મથાળે ભારે વેચવાલી ફરી વળી હતી. અને શેરબજાર ગબડ્યું હતું. ટ્રેડિંગ સેશનને અંતે સેન્સેક્સ ૫૮.૩૬ (૦.૧૬ ટકા) ઘટી ૩૫,૯૦૬.૬૬ બંધ રહ્યો હતો. તેમજ નિફ્ટી ઈન્ડેક્સ ૧૦.૮૦ ઘટી ૧૧,૦૧૬.૯૦ બંધ થયો હતો.

## સંરક્ષણમાં ૧૨.૧૦ ટકાની ફાળવણી

નવી દિલ્હી, તા. ૧

કેન્દ્ર સરકારે કુલ ખર્ચપૈકી ૧૨.૧૦ટકા હિસ્સો સંરક્ષણ ઉપર ખર્ચ કરવાની જાહેરાત કરી છે. સૂચિત બજેટમાં ૨૯૫૫૧૧૪૧ કરોડ રૂપિયા આના માટે રાખવામાં આવ્યા છે. ગયા બજેટની સરખામણીમાં ૭.૮૧ ટકા વધારે છે. જો કે, દેશમાં જીડીપીની સરખામણીમાં સંરક્ષણ ખર્ચમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સંરક્ષણ ખર્ચમાં વધારો કરાયો છે પરંતુ જીડીપીમાં હિસ્સો ઘટાડી દેવાયો છે. ૨૦૧૩-૧૪માં જીડીપીના સરખામણીમાં સંરક્ષણ ખર્ચ ૧.૭૯ ટકા હતો જે ઘટીને ૨૦૧૭-૧૮માં ૧.૬૨ ટકા થયો છે. હવે તેને ૧.૫૭ ટકા કરવાની દરખાસ્ત છે. ૧૯૬૨ના યુદ્ધ બાદ સૌથી ઓછો છે. અર્થવ્યવસ્થામાં વિસ્તાર હોવાની સાથે સાથે આ આંકડો ટકામાં સતત ઘટી રહ્યો છે. સેનાના આધુનિકીકરણનું કામ મૂડીગત ખર્ચ હેઠળ કરવામાં આવે છે. આ વખતે આ આંકડો ૯૯૫૬૩.૮૬ કરોડ રહેશે. ગયા વર્ષે આ આંકડો ૮૬૪૮૮ કરોડ રૂપિયા રહ્યો હતો. સંરક્ષણ ખર્ચ વધ્યો પરંતુ આંકડો જીડીપીમાં ઘટ્યો છે. ડિફેન્સ પેન્શન માટે ૧૦૮૮૫૩ કરોડ રૂપિયા રહેશે.

**સંરક્ષણ ખર્ચ વધશે પરંતુ જીડીપીમાં હિસ્સો ઘટશે સૂચિત બજેટમાં ૨૯૫૫૧૧૪૧ કરોડ રૂપિયા મુકાયા**

## રાજસ્થાનમાં ભાજપને ઝટકો ત્રણેય બેઠકો પર કોંગ્રેસનો વિજય



જયપુર,તા.૦૧

તાજેતરમાં થયેલી પેટાચૂંટણીમાં રાજસ્થાનની બે લોકસભા સીટ અને એક વિધાનસભા સીટ એમ ત્રણેય પર કોંગ્રેસ જીતી ગઈ છે. પશ્ચિમ બંગાળમાં નવપાડા સીટ પર તૃમૃણમૂલ કોંગ્રેસે જીત નોંધાવી છે. બંગાળમાં ટીએમસીના સુનીલ સિંહ અને માંડલગઢમાં કોંગ્રેસના વિવેક ધાકડ જીત્યા. પશ્ચિમ બંગાળની ઉલબેરિયા લોકસભા સીટ પર પણ ટીએમસીના સજદા અહેમદ જીતી ૪,૭૪,૫૧૦ વોટ્સથી જીતી ગયા છે. આ તમામ સીટો પાછલી ચૂંટણીમાં જીતેલા

● અનુસંધાન પાન-૭ પર

## મહત્વના ક્ષેત્રે ફાળવણી

| ક્ષેત્ર | ફાળવણી (કરોડમાં) |
|---|---|
| પશુપાલન | ૧૦૦૦૦ |
| ખેડૂતોને લોન માટે | ૧૧૦૦૦ |
| કૃષિ બજાર માટે | ૨૦૦૦ |
| મુંબઈ રેલ નેટવર્ક માટે | ૧૧૦૦૦ |
| ડિજિટલ પ્રોગ્રામ માટે | ૩૦૩૭ |
| પેયજળ વ્યવસ્થા માટે | ૧૯૪૨૮ |
| અનુસૂચિત જાતિઓ માટે | ૫૬૬૧૯ |
| અનુસૂચિત જનજાતિ માટે | ૩૯૧૩૯ |
| સ્માર્ટસિટી માટે | બે લાખ કરોડ |
| મુદ્રા યોજના માટે | ત્રણ લાખ કરોડ |
| મધ્યમ લઘુ ઉદ્યોગ | ૩૭૯૪ |
| જનજાતિઓ માટે | ૩૨૦૦૦ |
| ટીબીના દર્દીઓ માટે | ૬૦૦૦ |
| શિક્ષણમાં સુધાર માટે | એક લાખ કરોડ |
| હેલ્થવેલનેસ સેન્ટર માટે | ૧૨૦૦ |
| ઓપરેશન ગ્રીન માટે | ૫૦૦ |
| ગામોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે | ૧૪.૩૪ લાખ કરોડ |
| ફુડ પ્રોસેસિંગ માટે | ૧૪૦૦ |
| ટેક્સટાઈલ સેક્ટર માટે | ૭૧૪૮ |
| ગામોમાં ઈન્ટરનેટ માટે | ૧૦૦૦૦ |

## રેલ્વેને ૧ લાખ ૪૮ હજાર કરોડની ફાળવણી

**સુરક્ષાને વિશેષ મહત્વ : સમગ્ર ભારતીય રેલવે નેટવર્કને બ્રોડગેજમાં ફેરવવાની જાહેરાત : ૬૦૦ સ્ટેશન આધુનિક કરાશે**

નવીદિલ્હી,તા. ૧

નાણામંત્રી અરુણ જેટલીએ ભારતીય રેલવે માટે એક લાખ ૪૮ હજાર કરોડ રુપિયાની ફાળવણીની આજે જાહેરાત કરી હતી. સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પણ ખાતરી આપી હતી. અરુણ જેટલીએ સામાન્ય બજેટ રજૂ કરતી વેળા રેલવે બજેટને પણ રજૂ કર્યું હતું. ગયા વર્ષે આ પરંપરા શરૂ કરવામાં આવ્યા બાદ હવે સામાન્ય બજેટની અંદર રેલવે બજેટને મર્જ કરીને રજૂ કરવાની શરૂઆત થઈ છે. આના ભાગરુપે આજે રેલવે બજેટ પણ રજૂ કરવામાં આવ્યું હતું. સામાન્ય બજેટના એક ચેપ્ટર રેલવેનું ઉમેરવામાં આવ્યું હતું. રેલવે માટે સૌથી મોટી જાહેરાત કરતા જેટલીએ કહ્યું હતું કે, ભારતીય રેલવેને સંપૂર્ણપણે બ્રોડગેજ કરવામાં આવશે. આ ઉપરાંત રેલવે પાટા અને ગેજ બદલવાની કામગીરી હાથ ધરવામાં આવશે. રેલવેને લઈને તેમની સરકાર સુરક્ષાને સર્વોચ્ચ

● અનુસંધાન પાન-૭ પર







ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.




ભાડે જોઈએ છે
1 BHK FLATS (60)
2 BHK FLATS (50)
બેન્ક/કંપનીને પાંચ વર્ષ માટે
ઈન્ફોસીટી આસપાસ, કુડાસણ, સરગાસણ, રાંદેસણ, રાયસણ, કોબા
BUILDERS/OWNERS WELCOME
THE SPACE
93287 01440
93288 01440
99250 05569